# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

## જિલ્લા રમત ગમત અધિકારી

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત

પહેલો માળ, સુડા ભવન, વેસુ - આભવા રોડ, વેસુ સુરત-૩૯૫૦૦૭

ઇમેલ – dsosuratrural36@gmail.com


ક્રમાંક/જિ.ર.પ્ર.ક/૧૩૨૪/૨૮/૨૦૨૩-૨૪ તા. ૧૨/૧૦/૨૦૨૩

પ્રતિ,

એસ.વી.એસ કન્વીનરશ્રી,

સુરત

વિષય : ખેલ મહાકુંભ-૨.૦ અંતર્ગત ખેલાડીઓના ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ:- ક્રમાંકઃએસએજી/ખેમકું૨.૦/૨૦૨૩-૨૪/૧૯૦૬૭ થી ૧૯૦૬૮ તા.૨૭/૦૯/૨૦૨૩

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ-૨.૦નું આયોજન કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભનો હેતુ સ્પર્ધાના માધ્યમથી રમતગમતનુ વાતાવરણ ઉભુ થાય, રમતના ખેલાડીઓ રમતગમત ક્ષેત્રમાં આગળ આવે તે હેતુથી સુરત શહેર /ગ્રામ્ય તમામ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ રજીસ્ટેશન કરાવી ભાગ લઇ અને રાજ્યને ગૌરવ અપાવવાની દિશામાં પ્રગતિ કરે તેમજ શારીરિક સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવાનો ઉમદા આશય છે.

ખેલ મહાકુંભની ગ્રામ્યકક્ષા/શાળાકક્ષા,તાલુકાકક્ષા,જિલ્લાકક્ષા અને રાજયકક્ષા સુધીનું અલગ-અલગ વયજૂથમાં વિવિધ ૩૯-રમતોની સ્પર્ધાઓના રજીસ્ટ્રેશન માટે તા. ૨૩/૦૯/૨૦૨૩ના રોજ ખેલ મહાકુંભ-૨.૦ રજીસ્ટ્રેશનના કર્ટેન રેઈઝર કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય દ્વારા પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે ખેલ મહાકુંભ- ૨.૦ અંતર્ગત બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે તે હેતુથી શાળા/ગ્રામ્ય કક્ષા, તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, રાજ્યકક્ષા સુધી વિવિધ ૩૯-રમતોને અલગ-અલગ વય જૂથમાં સમાવેશ કરી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. જેથી ખેલ મહાકુંભ–૨.૦ અંતર્ગત ઓનલાઇન રજીસ્ટ્રેશન તા.૨૩/૦૯/૨૦૨૩ના રોજ થી શરૂ કરવામાં આવેલ છે.ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા માટેની વેબસાઇડ **https://khelmahakumbh.gujarat.gov.in** છે.

ખેલ મહાકુંભ-૨.૦ અંતર્ગત આપશ્રીના તાબા હેઠળની સુરત શહેર/ગ્રામ્ય શાળાઓમાં અભ્યાસ કરતા ખેલાડી ભાઇઓ/બહેનો વિવિધ રમતોમાં દરેક શાળામાંથી ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવુ તથા રજીસ્ટ્રેશનનો રિપોર્ટ dsosuratrural36@gmail.com ઇમલ પર આપવાનો રહેશે. નીચે મુજબ ટેબલમાં માહિતી આપવાની રહેશે.

| ક્રમ | એસ.વી. એસ. કેન્દ્રનુ નામ | થયેલ રજીસ્ટ્રેશનની સંખ્યા | બાકી રહેલ રજીસ્ટ્રેશનની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

જિલ્લા રમતગમત અધિકારી
સુરત

જિલ્લા રમત વિકાસ અધિકારી
સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

૧. માન. ડાયરેકટર જનરલશ્રી, એસ.એ.જી. ગાંધીનગર

૨. માન.કલેકટરશ્રી, કલેકટર કચેરી, સુરત

૩. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.